# ઝેવિયર્સના ટીચર રીટા મીંજ પડકારોને હસતાં હસતાં ઝીલે છે

## મક્કમ મનોબળ અને દૃઢ ઈચ્છાશક્તિ ગમે તેવી શારિરીક મુશ્કેલીઓને પછડાટ આપી શકે છે



ગાંધીનગર, તા. ૧૨

સરળ જીવન જીવવુ સૌને ગમે, પરંતુ ઈશ્વર કંઈ એવી રીતે સૌને સરળ જીવન આપતા નથી. પૈસા હોય, કુટુંબ કબીલો ભરપુર હોય, આનંદિત જીવન જીવવાના બધા જ કારણો મોજુદ હોય પરંતુ જ્યારે ઈશ્વર કસોટી કરવા બેસે ત્યારે આ સઘળુ નિરર્થક બની જાય છે. ઈશ્વરની કસોટીઓ સામે પડકાર આપી શકે છે. એક માત્ર મક્કમ મન અને દૃઢ નિર્ધાર અનેક શારીરિક મુશ્કેલીઓ છતાં મક્કમ મને તમામ અવરોધોને પાર કરનાર એક મહિલા છે શ્રીમતી રીટા મીંજ... સેન્ટ ઝેવીયર્સ સ્કૂલના વિદ્યાર્થીઓમાં લોકપ્રિય એવા આ શિક્ષક ભલે વ્હીલચેર પર બેસી શિક્ષણ આપતા હોય પરંતુ તેમની જ્ઞાનસભર જીવનથી તરબતર વાતો અને રસાળ શિક્ષણશૈલીએ તેમને વિદ્યાર્થીઓમાં પ્રિય બનાવ્યા છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી સમગ્ર વિશ્વ કરી રહ્યું છે ત્યારે સેક્ટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના શિક્ષક શ્રીમતી રીટા મીંજે દૃઢ નિર્ધાર અને મક્કમ મને જીવન સામે કરેલા સંઘર્ષની વાત વાચકો માટે પ્રેરણારૂપ બની રહેશે. જીવનમાં આવતી મુશ્કેલીઓ કંઈ માત્ર એક જ પ્રકારે આવતી નથી. જીવન જીવવાનું જોમ જ ખલાસ થઈ જાય તેવી મુશ્કેલીનો દૃઢતાપૂર્વક સામનો કરી રહેલા રીટા મીંજ અચાનક કમરમાં દુઃખાવો શરૂ થયો. શરૂઆતમાં તો તેને સામાન્ય દુઃખાવો તરીકે ગણી રીટા મીંજે તેની સારવાર શરૂ કરી. પરંતુ દુઃખાવો એકદમ તીવ્ર બનતા તીબીબી ચકાસણીમાં જાણવા મળ્યું કે તેમના કરોડરજ્જુમાં ગાંઠ છે. ભયંકર દુઃખાવાના એકમાત્ર ઈલાજ તરીકે ઓપરેશન કરવાની જરૂરીયાત ઉભી થઈ. ગાંઠ તો તબીબોએ કાઢી નાંખી પરંતુ ઓપરેશન બાદ રીટા મીંજનું અડધુ શરીર લકવાગ્રસ્ત થઈ ગયું. ચાલતા ફરતા રીટાબેન એકાએક જ સંપૂર્ણપણે પથારીવશ થઈ ગયા. કાચાપોચા મનનું કોઈ પણ વ્યક્તિ આ સ્થિતિમાં હિંમત હારી જાય અને અનિશ્વનીય પગલું ભરી બેસે પરંતુ આ વિકટ સ્થિતિમાં રીટાબેનની વ્હારે આવ્યા તેમના પતિ, મિત્રો-સગાઓ અને તેમનું મક્કમ મન. સારવાર અને પરિવારના સહયોગથી તેઓ પથારીમાંથી વ્હીલચેર પર બેસી ઘરમાં હરતાં ફરતાં થયા. આ દરમ્યાન જ તેમની મુલાકાત થઈ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના આચાર્ય ફાધર હેક્ટર પીન્ટો સાથે થઈ.

શ્રીમતી રીટા મીંજની શૈક્ષણિક લાયકાત સાથે જ તેમના સ્પિરીટને આધારે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં તેમને શિક્ષિકાની નોકરી મળી ગઈ. વ્હીલચેર પર જ સ્કૂલે આવતા જતાં રીટાબેન સફળતાપૂર્વક શિક્ષક, માતા, પત્નિ અને પુત્રીની ફરજો અદા કરી જીવનને ખરા અર્થમાં જીવી રહ્યા છે.

# બોર્ડ-નિગમ વિસ્તારમાંથી નેશનલ હાઈવેને જોડતો નવો રસ્તો બનશે

## ૨.૨૫ કરોડના ખર્ચનો અંદાજ તંત્ર દરખાસ્ત તૈયાર કરશે : ઝરણાને અનુલક્ષી નાનો બ્રિજ બનાવવા પણ વિચારણા

ગાંધીનગર, તા. ૧૨

શહેરની મધ્યમાં સ્થિત બોર્ડ-નિગમ વિસ્તારમાંથી પસાર થતા માર્ગને રાષ્ટ્રીય ધોરીમાર્ગ સાથે જોડાણ આપવા તંત્રકક્ષાએ હીલચાલ શરૂ થઈ છે. આ કામગીરી માટે રૂ. ૨.૨૫ કરોડના ખર્ચના અંદાજ સાથે વિભાગને દરખાસ્ત તૈયાર કરી મોકલી દેવાઈ છે.

સે. ૧૦-એમાં મોટાભાગે સરકારી નિગમો આવેલા છે. પોલીસભવન, એરફોર્સ ઉપરાંત ફોરેન્સિક લેબોરેટરી પણ આ વિસ્તારમાં સ્થિત છે. જ્યારે આ વિસ્તારમાં અવર-જવર માટે લોકોએ ખુબ ફરવુ પડે છે. ત્યારે એફ.એસ.એલ. કચેરી નજીકથી પસાર થતા માર્ગને નેશનલ હાઈવે નં. ૮ સાથે જોડી દેવા પણ અનેક રજૂઆતો થઈ છે. જ્યારે આ મામલે ૫૦૦ મીટર દૂરથી નિકળતા ધોરીમાર્ગને જોડાણ આપવા તંત્રકક્ષાએથી પણ ટુંકમાં દરખાસ્ત તૈયાર કરાશે. વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આ અન્વયે રસ્તો બનાવવા તથા વચાળેથી નાના ઝરણાને અનુલક્ષી બ્રિજ બાંધવા માટે અંદાજિત રૂ. ૨.૨૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. ૫૦૦ મીટર લંબાઈમાં નવા માર્ગનું કામ હાથ ધરવાની અનિવાર્યતા છે. એફ.એસ.એલ. રોડને નેશનલ હાઈવે નં. ૮ સાથે જોડવા તંત્ર દ્વારા ટુંકમાં વિભાગને દરખાસ્ત મોકલાશે. જ્યારે વિભાગકક્ષાએથી મંજૂરી આપી દેવાયા બાદ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી કામ શરૂ કરાશે. પાટનગર યોજના વિભાગ દ્વારા નવા કામો માટે થતી દરખાસ્ત અન્વયે કામને આખરી લેવામાં આવશે.



બાપુ ગુજરાત નૉલેજ વિલેજ એન્જિનિયરીંગ અને ફાર્મસી કોલેજ દ્વારા ગાંધીનગરના રાજમાર્ગો ઉપર એઈડ્સ જનજાગૃતિ રેલી યોજાઈ હતી. આ રેલીને ધારાસભ્યશ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, જિલ્લા આરોગ્ય અધિકારી આર.આર. વૈદ્ય, ભરતસિંહ વાઘેલા સહિત આગેવાનોએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

# ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ અમલીકરણ માટેની તૈયારીઓને મંજૂરી આપતી સ્થાયી સમિતિ

## સફાઈની કામગીરીનું અસરકારક મોનીટરીંગ કરવા માટે સભ્યોએ કરેલો આગ્રહ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં મિલ્કતવેરાની આકારણી અને સફાઈના મુદ્દે તંત્રને આડે હાથ લેતાં સ્થાયી સમિતિના સભ્યોએ સઘન અને અસરકારક મોનીટરીંગની ઉગ્ર રજુઆતો કરી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની આજે ચેરમેનશ્રી પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં સફાઈના મુદ્દે સભ્યોએ રોષની લાગણી વ્યક્ત કરી હતી. સફાઈની કામગીરીનું અસરકારક અને સઘન મોનીટરીંગ થતુ નહિ હોવાની ફરિયાદ કરી તેમણે ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટના અમલીકરણમાં પણ યુદ્ધના ધોરણે આગળ વધવા જણાવ્યું હતું.

આજે સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ માટે ફ્રી ડસ્ટબીન આપવાના મુદ્દે સભ્યોએ

● અનુસંધાન પાના-૭ પર

# મનરેગામાં જિલ્લાના ૫૯,૧૪૫ને રોજગારી

## નેશનલ લો યુનિ.ના કેમ્પસ ડેવલપમેન્ટ માટે સરકારે ૫૦ કરોડથી વધુ રકમ ફાળવી છે : જાડેજા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના નોલેજ કોરીડોરમાં આગવુ સ્થાન ધરાવતી ગુજરાત નેશનલ લૉ યુનિ.ના કેમ્પસ ડેવલપમેન્ટ માટે છેલ્લા બે વર્ષમાં ૫૦ કરોડથી પણ વધુ રકમ ફાળવી છે તેમ ભાજપના ધારાસભ્ય શ્રી ભૂષણ ભટ્ટના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ. ચાલીસ કરોડ ચોપ્પન લાખ તોત્તેર હજાર ફાળવ્યા હતા જ્યારે ૨૦૧૨-૧૩માં ૩૧-૧૨-૧૨ સુધીમાં નવ કરોડ બોત્તેર લાખ ચોસઠ હજારની રકમ ફાળવી આપેલ છે.

આ પૈકી ૩૧-૧૨-૧૨- સુધીમાં કેમ્પસ ડેવલપમેન્ટ પાછળ રૂ. ૩૦.૭૧ કરોડનો ખર્ચ થવા પામેલ છે.

**● જિલ્લામાં વૉટરશેડ પ્રોજેક્ટ**

ભાજપના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં વૉટરશેડ પ્રોજેક્ટ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે જિલ્લાના ગાંધીનગર, દહેગામ તથા માણસામાં આ પ્રોજેક્ટની અમલવારી થઈ રહેલ છે.

**વિધાનસભામાં ગાંધીનગર**

તે પૈકી ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી સંસ્થા જેમાં જળસ્રાવ વિકાસ એકમના નવ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ પાછળ અત્યાર સુધીમાં રૂ. ૧૨૯.૬૧ લાખનો ખર્ચ થયેલ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૫૩.૯૧ લાખ દહેગામમાં ૪૦.૩૮ લાખ અને માણસામાં ૩૫.૩૨ લાખનો ખર્ચ થયેલ છે.

**● હરિયાળી પ્રોજેક્ટ**

ભાજપના શ્રી ભરતસિંહ ડાભીએ ગાંધીનગર જિલ્લામાં હરિયાળી પ્રોજેક્ટ્સ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લાના તાલુકાઓમાં છેલ્લા એક વર્ષમાં એક પણ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ નથી.

**● મનરેગાથી રોજગારી**

ગાંધીનગરના માણસા મત વિભાગના કોંગી ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે રોજગારી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે બે વર્ષમાં કુલ ૫૯૧૪૫ લોકોને રોજગારીની તકો આ યોજના અંતર્ગત પ્રાપ્ત થઈ છે.

તેમણે જણાવ્યુ છે કે વર્ષ-૨૦૧૧માં ૩૩૦૦૩ લોકોને રોજગારી અપાઈ હતી જેમાં ગાંધીનગર તાલુકાના ૧૯૫૬, માણસામાં ૧૩,૯૯૫, કલોલમાં ૬,૩૯૯ અને દહેગામમાં ૧૦,૬૫૩ લોકોનો સમાવેશ થાય છે. વર્ષ-૨૦૧૨માં ૨૬,૧૪૨ લોકોને રોજગારી આપવામાં આવી છે. જેમાં ગાંધીનગરના ૨૨૧૧, માણસામાં ૧૬,૫૮૭, કલોલમાં ૧૭૯૪ અને દહેગામમાં ૫૫૫૦ લોકોનો સમાવેશ થાય છે.

ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ રોજગારી પાછળ વેતન પેટે રૂ. ૧૮.૬૭ કરોડનો ખર્ચ થયો છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૪૦.૩૭ લાખ, માણસામાં ૧૧૦૯.૪૩ લાખ, કલોલમાં ૨૪૦.૦૯ લાખ તથા દહેગામમાં ૩૭૭.૧૮ લાખ રૂ.નો ખર્ચ થયો છે.

## બેસણું



**અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ. જેઠાભાઈ પ્રેમજીભાઈ પટેલ તા. ૧૨-૩-૨૦૧૩ને દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૪-૩-૨૦૧૩ને ગુરુવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.**

**સ્થળ : પ્લોટ નં. ૩૨૮, શ્રેયસ સોસાયટી, ઘ-૫ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર**

લી.
રામજીભાઈ જેઠાભાઈ પટેલ
પચાણભાઈ જેઠાભાઈ પટેલ
માધવલાલ જેઠાભાઈ પટેલ
સ્વ. ગોપાલભાઈ શામજીભાઈ પટેલ
ઉમિયા સો મીલ, સે.૧૫
અવધેશ ટીમ્બર ટ્રેડર્સ, સે.૨૮
આશુતોષ ટીમ્બર્સ, સે.૨૮
શ્રી રાંધેજા બજરંગ સો મીલ, રાંધેજા

## નોટીસ

સાંચાકામ સબબે તારીખ ૧૪-૩-૨૦૧૩ ગુરુવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે, જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) સરતિ ઉદ્યાન S/S

**ટોરેન્ટ પાવર લિમીટેડ**

# કુડાસણમાંથી ટેસ્ટ ડ્રાઈવનાં બહાને સ્વીફ્ટ ગાડીની લૂંટ

## ગાડી લે-વેચની દુકાનેથી સેકન્ડ હેન્ડ કાર લેવાનું કહીને યુવકને ધક્કો મારી ત્રણ જણાં લુંટ ચલાવી ગયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર પાસેના કુડાસણ પાસે ઓટો કન્સલ્ટીંગની શૉપ પર સેકન્ડ હેન્ડ કાર લેવા આવેલા ત્રણ શખ્સોએ ટેસ્ટ ડ્રાઈવના બહાને એક સ્વિફ્ટ કાર લઈને ઓટો કન્સલ્ટીંગ શૉપ પર કામ કરતા યુવાનની સાથે ધક્કામુક્કી કરીને ધોલધપાટ કરી સ્વિફ્ટ કારની લુંટ ચલાવી ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હોવાની ઘટના બનવા પામી છે. સે. ૭ પોલીસે મન્દીપ નાયકની ફરીયાદને આધારે લુંટનો ગુનો નોંધીને તપાસનો દોર શરૂ કર્યો છે.

કુડાસણ ગામની સિમમાં સ્વાગત રેઈન ફોરેસ્ટ ખાતે એક ઓટો કન્સલ્ટીંગની દુકાન આવેલી છે. જ્યાં જુની ગાડીઓની લે-વેચ થાય છે. ગઈકાલે સાંજના સુમારે આ શોપ પર કામ કરતાં સે. ૬-બીના રહેવાસી મન્દીપ જયંતિલાલ નાયક પાસે ત્રણ વ્યક્તિો કાર લેવાના બહાને આવ્યા હતા. માણસાના અમરાપુરના વનરાજસિંહ, મોટી શિહોલી ગામના પ્રજ્ઞેશ પ્રહલાદ ઠાકોર અને લીલાજી ઠાકોરે સ્વિફ્ટ ગાડી લેવા માટે ટેસ્ટ ડ્રાઈવ માંગી હતી અને તે બહાને ગાડી લઈને ભાગી જવાનો તેમનો પ્લાન મન્દીપ જાણી જતાં તેણે ત્રણેયને રોક્યા હતા. ત્રણેય શખ્સોએ મન્દીપ સાથે માથાકુટ અને ધક્કામુક્કી કરીને સ્વિફ્ટ કાર લુંટી લઈ ફરાર થઈ ગયા હતા.

# રાજ્યમાં ૯ લાખ નેત્રહીન ઝામરના લીધે ૧.૫૩ લાખ અંધ

## વિશ્વ ઝામર સપ્તાહની ઉજવણી અન્વયે તા. ૧૦ થી ૧૬ જનજાગરણ કાર્યક્રમ અને ફ્રી નિદાન

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં ૯ લાખ લોકો નેત્રહીન છે જ્યારે આ પૈકીના ૧.૫૩ લાખ વ્યક્તિ ઝામરના લીધે દૃષ્ટી ગુમાવી બેઠા છે. ડાયાબિટીસવાળી વ્યક્તિને ઝામર થવાની શકયતા વધુ હોય છે. આંખની નસ સુકાઈ ગયા બાદ દ્રષ્ટિ પાછી આપી ન શકાય તેવા આંખના છુપા દુશ્મન સંદર્ભે જાગૃત રહેવા આંખ રોગના નિષ્ણાંત ડૉ. તેજલ દલાલે આંખનું સમયસર ચેકઅપ કરાવવા જણાવ્યું છે. વિશ્વ ઝામર સપ્તાહ અન્વયે તા. ૧૦થી ૧૬ માર્ચ દરમિયાન સે. ૭ સ્થિત તેજ આઈ હોસ્પિટલ ખાતે ફ્રી નિદાન કરી આપવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

**ડાયાબિટીસ, જાડા કાચના ચશ્મા, લાંબો સમય સ્ટીરોઈડ લીધું હોય અથવા ભૂતકાળમાં આંખને ઈજા થઈ હોય ત્યારે ઝામરનું નિદાન જરૂરી : ડૉ. તેજલ દલાલ**

૧૨ માર્ચે વિશ્વ ઝામર દિવસની ઉજવણી કરવામાં આવે છે. ૧૦ લાખ સુક્ષ્મ તાંતણાઓની બનેલી આંખની નસ ઝામરના કારણે સુકાતી જાય છે જેના લીધે સાઈડનું વિઝન કપાતુ જાય છે. જ્યારે આ રોગની સારવાર સમયસર ન થાય તો નસ સુકાઈ જતાં અંધાપો આવે છે. ડાયાબિટીસ હોય, જાડા કાચના ચશ્મા હોય, ઉંમર ૫૦ વર્ષની હોય, ભૂતકાળમાં આંખને ઈજા થઈ હોય તેમજ લાંબા સમય સ્ટીરોઈડ લીધુ હોય તેવા કીસ્સામાં ઝામરનું નિદાન જરૂરી બની જાય છે. ડૉ. તેજલ દલાલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે નિદાન પ્રક્રિયામાં આંખનું સર્વગ્રાહી સંપૂર્ણ ચેકીંગ થાય તે જરૂરી છે.

આંખની પાંચ પ્રકારની તપાસ કરાવવી જોઈએ. કીકીની જાડાઈ માપવામાં આવે છે. કીકીની જાડાઈ ઓછી હોય તો ઝામર થવાની શક્યતા વધી જાય છે. કડવા અને મીઠા તેમ બે પ્રકારના ઝામરના લક્ષણો પણ અલગ અલગ હોય છે. જેમાં કડવા ઝામરમાં આંખ લાલ થાય, પાણી પડે તેમજ દર્દીને ક્યારેક ઉલટી પણ થાય છે જેના દર્દીઓ માત્ર ૫ ટકા જોવા મળે છે. જ્યારે મીઠા ઝામરના દર્દીઓમાં લક્ષણો મોડા ખબર પડે છે. ચેકઅપ કરાવે ત્યારે જ રોગની જાણ થાય છે. દર વર્ષે ઝામર ડે ના દિવસે અમેરિકન એકેડમી

● અનુસંધાન પાના-૭ પર


## જાહેરાત

**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,**
**બ્લોક નં. ૧૧, બીજો માળ,**
**ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**
**ફોન નં. : ૦૭૯-૨૩૨૫૭૫૬૦**

નિગમની નીચે મુજબની કામગીરી માટે અમદાવાદ અને ગાંધીનગર ખાતે રજીસ્ટર થયેલ માન્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેઢીઓ પાસેથી બંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે.

(૧) વર્ષ ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯, ૨૦૧૦-૧૧ અને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના હિસાબો ડબલ એન્ટ્રી પદ્ધતિથી ટેલી-ઈઆરપી-૯ સોફ્ટવેરમાં તૈયાર કરવા.
(૨) વર્ષ ૨૦૦૮-૦૮, ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના તૈયાર થયેલા હિસાબોનું આંતરીક ઓડીટ તેમજ આવકવેરાનું રીટર્ન ફાઈલ કરવા સંબંધિત જરૂરી કાર્યવાહી કરવા.
(૩) વર્ષ ૨૦૦૮-૦૮, ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષનું સ્ટેટચ્યુટરી ઓડીટ કરવા અંગે.

ઉપર મુજબની કામગીરી કરવા રસ ધરાવતી પેઢીઓએ સ્કોપ ઓફ વર્ક માટેની જરૂરી વિગતો કચેરી સમય દરમિયાન તા. ૧૫-૩-૧૩ થી ૨૨-૩-૧૩ સુધી રૂ. ૨૦૦/- નોન રીફંડેબલ ફી ભરીને મેળવી લેવી તેમજ ઉપરોક્ત કામગીરી માટેના ભાવો સીલબંધ કવરમાં તા. ૨-૪-૧૩ સુધી મોકલી આપવાના રહેશે.

ભાવ મંજુર / ના મંજુર કરવા અંગે નિગમને અબાધિત અધિકાર રહેશે.

**મેનેજિંગ ડીરેક્ટર**
**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ**
**ગાંધીનગર**

## જોઇએ છે


ડીપ્લોમા સિવિલ સુપરવાઈઝર, શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, સેક્ટર-૭, ગાંધીનગરના બાંધકામ માટે તો જરૂરી લાયકાત / અનુભવના પ્રમાણપત્રો સાથે તા. ૧૯-૩-૨૦૧૩ના રોજ માતૃશ્રી જોઇતીબા કૉલેજ કેમ્પસમાં મંડળની ઓફિસે ઈન્ટરવ્યુ માટે સવારે ૧૧-૦૦ કલાકે હાજર રહેવું.

**પ્રમુખ / મંત્રી**
**શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ,**
**એસ.ટી. વર્કશોપ સામે, સેક્ટર-૭, ગાંધીનગર**

## જાહેર નિવિદા

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત માતૃશ્રી જોઈતીબા કૉલેજ કેમ્પસ, સેક્ટર-૭, ગાંધીનગરમાં આવેલ મહિલા કૉલેજ હોસ્ટેલના બાંધકામ માટે આઈટમ પ્રમાણેના ફક્ત મજૂરી કામના ભાવો, બાંધકામના અનુભવી ઠેકેદારો પાસેથી મંગાવવામાં આવે છે. મજૂરી કામનું ભાવપત્રક મંડળની ઓફિસેથી તા. ૧૩-૩-૨૦૧૩થી તા. ૧૬-૩-૨૦૧૩ સુધીમાં ૧૧-૦૦થી ૪-૦૦ દરમિયાન આપવામાં આવશે.

**પ્રમુખ / મંત્રી**
**શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ,**
**એસ.ટી. વર્કશોપ સામે, સેક્ટર-૭, ગાંધીનગર**









ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

**સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ**


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com